

શિયાળવી અને થ્રશ પક્ષી

'રાદુગા' પ્રકાશન
મોસ્કો

રૂસી લોક વાર્તા
સંપાદક—લેવ તોલ્સ્તોય
ચિત્રો—યેવ્ગેની રાચેવ

એક વખત થ્રશ પક્ષીએ ઝાડમાં પોતાનો માળો બાંધ્યો, ઈંડા મૂક્યાં અને બચ્ચાં સેવવાં લાગ્યું. જ્યારે શિયાળવીએ આ વિષે સાંભળ્યું ત્યારે તે ઝાડ પાસે આવી અને થડ સાથે પોતાની પૂંછડી પટપટાવતી ત્યાં બેઠી. થ્રશ પક્ષીએ વાત શી હતી તે જોવા માળામાંથી બહાર જોયું.

"હું મારી પૂંછડી વડે ઝાડને કાપી નાંખીશ," શિયાળવીએ કહ્યું. "અને પછી હું તને અને તારાં બચ્ચાંઓને ખાઈ જઈશ!"

થ્રશ પક્ષી શિયાળવીથી ગભરાઈ ગયું અને તેને આજીજી અને કાલાવાલા કરવા લાગ્યું.

"મારું ઝાડ કાપી ન નાંખ, શિયાળવી બાઈ," તેણે આક્રંદ કરતાં કહ્યું. "મારાં બચ્ચાંને છોડી દે, હું તને મધ અને કેક ખવડાવીશ."

"જો તું મને મધ અને કેક ખવડાવશે તો હું ઝાડ નહીં કાપું!"

"તો તું મારી સાથે મુખ્ય રસ્તા પર આવ," થ્રશ પક્ષીએ કહ્યું.

શિયાળવી અને થ્રશ પક્ષી મુખ્ય રસ્તા તરફ જવા નીકળી પડયાં, થ્રશ પક્ષી ઊડતું હતું અને શિયાળવી સાથે સાથે પાછળ દોડતી હતી.

થ્રશ પક્ષીએ એક વૃદ્ધ સ્રીને પોતાના પૌત્ર સાથે આવતી જોઈ અને તેમની પાસે કેકની ટોપલી અને મધની બરણી હતી.

શિયાળવી ઝાડીઓમાં સંતાઈ ગઈ અને થ્રશ પક્ષી જાણે ઊડી ન શકતું હોય તેવો ઢોંગ કરતું રસ્તા પર દોડવા લાગ્યું, તે જમીનથી થોડુંક ઊંચું થતું, ફરીથી નીચે પડી જતું ફરીથી એક વખત ઊંચું થતું અને પછી ફરીથી જમીન પર પડી જતું.

"ચાલો આપણે પેલાં પક્ષીને પકડી લઈએ," છોકરાએ કહ્યું.

"કેવી રીતે આપણે તેને પકડી શકીશું?"

"મને ખાતરી છે આપણે તેને પકડી પાડીશું. તેની પાંખ તૂટેલી છે અને વળી તે કેટલું સુંદર પક્ષી છે."



વૃદ્ધ સ્ત્રી અને છોકરાએ કેકની ટોપલી અને મધની બરણી નીચે મૂક્યાં અને થ્રશ પક્ષીની પાછળ દોડયાં.

થ્રશ પક્ષી તેમને લલચાવીને કેક અને મધથી ઘણે દૂર સુધી લઈ ગયું. શિયાળવીએ જરાપણ સમય ન વેડફ્યો પણ પોતે જેટલી કેક અને મધ ખાઈ શકતી હતી તેટલું ખાધું અને બાકીનું સંતાડી દીધું.

થ્રશ પક્ષી પોતાના ઝાડ પર પાછું આવ્યું અને હજી તે ભાગ્યે જ પોતાના માળામાં પહોંચ્યું હતું ત્યાં જ શિયાળવી ફરીથી પોતાની પૂંછડી વડે ઝાડના થડને ટપકારવા લાગી.

"હું મારી પૂંછડી વડે ઝાડ કાપી નાંખીશ અને પછી તને તથા તારાં બચ્ચાંઓને ખાઈ જઈશ!"

"મહેરબાની કરીને ઝાડને કાપી ન કાઢ, શિયાળવીબાઈ મારાં બાળકોને છોડી દે, હું તને પીવા માટે બીયર આપીશ."

"તો પછી ઝડપથી તે શોધી કાઢ. આટલી બધી ચરબીવાળી કેક અને આટલું ગળ્યું મધ ખાધા પછી મને ખૂબ તરસ લાગી છે!"

થ્રશ પક્ષી ફરીથી ઊડયું અને રસ્તા પર તેની પાછળ પાછળ દોડી શિયાળવી.

થ્રશ પક્ષીએ એક ગામડિયાને ગાડામાં બીયરનું પીપ લઈને જતો જોયો. તે પહેલાં તો તેની ગોળ ગોળ ફરતે ઊડતી રહી, પછી સૌથી પહેલાં ઘોડા ઉપર ગોઠવાઈ, પછી પીપ ઉપર અને પછી પાછી ઘોડા ઉપર; થ્રશ પક્ષીએ ગામડિયાને એટલો બધો તો ત્રાસ આપ્યો, પજવ્યો કે તે તેને મારી નાંખવા તૈયાર થઈ ગયો. છેક છેવટે થ્રશ પક્ષી પીપના બૂચ પર આવીને બેસી ગયું, ગામડિયાએ પોતાની કુહાડી વડે તેના પર પ્રહાર કર્યો અને બૂચ જ સીધું કાણામાં અંદર ઘૂસી ગયું. થ્રશ પક્ષી ઊડી ગયું અને ગામડિયો તેની પાછળ દોડયો.

બીયર રસ્તા પર ઢોળાઈ ગયું અને શિયાળવી જેટલું પી શકતી હતી, તેટલું બીયર પીને ગીત ગાતી પોતાને રસ્તે ગઈ.

જ્યારે થ્રશ પક્ષી પોતાના માળા પર પાછું આવ્યું ત્યારે શિયાળવી ફરીથી ઝાડના થડ સાથે પૂંછડી અથડાવી રહી હતી.

"માદા થ્રશ પક્ષી, તેં મને ખવડાવ્યું?"

"હા, મેં ખવડાવ્યું."

"તેં મને પીવા માટે બીયર આપ્યું?"

"હા, મેં આપ્યું."

"હવે મને ખૂબ હસાવ, નહીં તો હું મારી પૂંછડી વડે ઝાડ કાપી નાંખીશ અને તને તથા તારાં બચ્ચાંઓને ખાઈ જઈશ!"

થ્રશ પક્ષી શિયાળવીને ગામ તરફ દોરી ગયું અને ત્યાં તેમણે એક ડોસીને ગાયને દોહતી અને ડોસાને તણખલામાંથી જૂતા વણતો તેની બાજુમાં બેઠેલો જોયાં.

થ્રશ પક્ષી ડોસીના ખભા પર બેસી ગયું.

"જરા પણ હાલતી નહીં," ડોસાએ કહ્યું. "તારા ખભા પર થ્રશ પ્રક્ષી બેઠેલું છે, હું તેને મારી નાંખીશ." અને તેણે ડોસીના ખભા પર પ્રહાર કર્યો પણ થ્રશ પક્ષી ઊડી ગયું.

ડોસી પડી ગઈ અને દૂધની ડોલ સાથે અથડાઈ. પછી તે એકદમ ઊછળી અને ડોસાને ગાળો ભાંડવા લાગી.

શિયાળવી લાંબા સમય સુધી મૂરખ ડોસાની પર હસતી રહી.

થ્રશ પક્ષી પોતાના માળા પર પાછું ઊડી આવ્યું પણ હજી તેને પોતાનાં બચ્ચાંઓને ખવડાવવાનો સમય મળે તે પહેલાં જ શિયાળવી ફરીથી ત્યાં આવી ગઈ અને ઝાડના થડ સાથે પૂંછડી મારવા લાગી. "માદા થ્રશ પક્ષી, તેં મને ખવડાવ્યું?"

"હા, મેં ખવડાવ્યું."

"તેં મને પીવા માટે બીયર આપ્યું?"



"હા, આપ્યું."

"તેં મને ખૂબ હસાવી?"

"હા, હસાવી."

"હવે મને બીવડાવ!"

ત્યાર સુધીમાં થ્રશ પક્ષી ખૂબ ગુસ્સે ભરાઈ ગયું.

"ભલે, આંખો બંધ કરી દે અને મારી પાછળ પાછળ આવ!"

થ્રશ પક્ષી અનેકો વખત બૂમો પાડતું ઊડતું રહ્યું અને શિયાળવી સખત રીતે આંખો મીંચીને તેની પાછળ દોડી. થ્રશ પક્ષી તેને સીધી ઘણાં બધાં શિકારી કૂતરાંઓ સાથેનાં શિકારીઓ તરફ લઈ ગઈ.

"હવે તું બી શકે છે, શિયાળવીબાઈ!"

શિયાળવીએ પોતાની આંખો ખોલી તો શિકારી કૂતરાં જોયાં. તે પૂરપાટ વેગે ભાગી અને તેની પાછળ પાછળ કૂતરાં. શિયાળવી પોતાની બખોલ સુધી ગઈ અને બખોલમાં બેસીને પોતાનાં હોશહવાસ પાછાં મેળવી રહી હતી ત્યારે તેણે પોતાની જાતને કહ્યું: "આંખો, તમે શું કરતાં હતાં?"

"અમે શિકારી કૂતરાંઓ તમને ખાઈ ન જાય તેની ખાતરી રાખવા ચોકીદારી કરી રહ્યાં હતાં."

"કાનો, તમે શું કરી રહ્યાં હતાં?"

"શિકારી કૂતરાંઓ તમને હડળી ન/તેની ખાતરી રાખવા અમે સાંભળતાં હતાં.



“પગો, તમે શું કરતાં હતાં?”

“શિકારી કૂતરાઓ તમને પકડી ન પાડે તેટલા માટે અમે દોડતાં હતાં.”

“પૂંછડી, તું શું કરી રહી હતી?”

“હું ઝાડીઝાંખરાંઓ, ઠૂંઠાઓ અને ડાળીઓને પકડી રહી હતી જેથી તું વધારે ઝડપથી દોડી ન શકે.”

આ સાંભળીને શિયાળવી પૂંછડી પર ક્રોધે ભરાઈ અને તેને બખોલમાંથી બહાર કાઢી.

“શિકારી કૂતરાંઓ આવો અને મારી પૂંછડી ખાઈ જાવ!”

શિકારી કૂતરાંઓએ શિયાળવીને પૂંછડીઓથી પકડી અને તેને બખોલમાંથી બહાર ખેંચી કાઢી.

અનુવાદ — શ્રુતિ મહેતા

ЛИСА И ДРОЗД
Русская народная сказка
На языке гуджарати

THE FOX AND THE THRUSH
A Russian folk tale
In Gujarati

Перевод сделан по книге:
"Лиса и дрозд".
М., "Малыш," 1984 г.

Для дошкольного возраста

ИБ № 5998
Переводчик Шрути Мехта. Редактор русского текста М. Шумская. Контрольный редактор Л. Савельева. Художник Е. Рачев. Художественный редактор Н. Малкина. Технический редактор А. Пряничикова. Корректор А. Шамаро. Сдано в набор 29.09.89. Подписано в печать 7.02.90. Формат 60x90/8. Бумага офсетная. Гарнитура Гуджарати. Печать офсет. Усл. печ. л. 1,5. Усл. кр.-отт. 9,0. Уч.-изд. л. 1,58. Тираж 2250 экз. Заказ № 4281. Цена 25 к. Изд. № 6735. Издательство "Радуга" В/О Совэкспорткнига Государственного комитета СССР по печати. 119859, Москва, ГСП-3, Зубовский бульвар, 17. Фирма-партнер: Пиплз Бук Хаус, г. Ахмедабад, Индия. Текст набран на Можайском полиграфкомбинате В/О Совэкспорткнига Государственного комитета СССР по печати. 143200, Можайск, ул. Мира, 93. Отпечатано на Ленинградской фабрике офсетной печати № 1 дважды ордена Трудового Красного Знамени Ленинградского производственного объединения "Типография имени Ивана Федорова" Государственного комитета СССР по печати. 197101, Ленинград, ул. Мира, 3.

Л $\frac{4803010104-246}{031(01)-90}$ 130-90

© ચિત્રો, 'માલીશ' પ્રકાશન, ૧૯૮૪
© ગુજરાતી અનુવાદ, 'રાદુગા' પ્રકાશન, ૧૯૯૦

સોવિયેત સંઘમાં મુદ્રિત
ISBN-5-05-002928-7